શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

જુન - ૨૦૦૫'

# નામરટણ

એક છોકરી ચોપડીમાં રામ-રામ-રામ....લખતી હતી. તેના ભાઈએ આ જોયું અને પોતાની બહેનને કહ્યું : 'આ શું ? આખો વખત રામ-રામ-રામ લખવાનો કંટાળો નથી આવતો ?'

થોડા વખત પછી ભાઈને કોઈ કન્યા સાથે પ્રેમ થયો. તે તેની પ્રેમિકાને કાગળ લખવા બેઠો. તે સંબોધન કરે પણ આગળ શું લખવું તે ખબર ન પડે. થોડું કંઈક લખે અને પત્ર ફાડી નાખે. આવું ઘણી વાર કર્યું પછી છેલ્લે એક કાગળ ઉપર તેની પ્રેમિકાનું નામ લખવા માંડયું અને નામ લખતાં લખતાં જ કાગળ પુરો કરી નાખ્યો.

અચાનક તેની બહેન ત્યાં આવેલી અને ભાઈની પાછળ ઊભાં ઊભાં તેણે આ બધું જોયું. યોગ્ય સમય જોઈને બહેન બોલી : 'ભાઈ, તારી પ્રેમિકાનું નામ લખી લખીને કાગળ પૂરો કર્યો. તને કંટાળો ન આવ્યો ?' પછી બહેને પોતે જ જવાબ આપ્યો : 'ભાઈ, જેને માટે પ્રેમ હોય તેનું નામરટણ, સ્મરણ કે લેખન કરવાથી તેનો કંટાળો ના આવે, પણ પ્રેમ વધે છે. થોડા દિવસ પહેલાં તેં મને પૂછયું હતું કે રામ-રામ-રામ... લખવાથી કંટાળો નથી આવતો ? હવે તેં અનુભવ્યું ને ?'

આપણે અનિત્ય સંબંધોમાં પ્રેમ કરી તેનું રટણ કર્યા કરીએ છીએ. તેના કતાં પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં તેને પ્રાપ્ત કેમ ન કરીએ ? પરમાત્મા સાથેના સંબંધો જ નિ:સ્વાર્થ પ્રેમ દેનારા છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# ૫૪ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

તા.: ૧૬.૦૫.૦૫

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬.૬.૨૦૦૫ સાજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડઘો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા
૨) શૈક્ષણિક પારિતોષકોનું વિતરણ
૩) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી
૪) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ની પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી.
૫) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.
૬) બંધારણ પરના સુધારા વધારા આવેલા હોય તો તે પર વિચારણા કરી તેને પસાર કરવા.
૭) ઠરાવો આવેલા હોય તો તેના પર વિચાર કરી તેને બહાલી આપવા.
૮) ચૂંટણીના પરિણામ જાહેર કરવા
૯) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે
૧૦) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** બંધારણ ઉપરના સુધારા વધારા જે સભ્યોને મોકલવા હોય તો તે તેઓએ લેખીતમાં મંત્રી શ્રી પ્રદીપ કડકીઆને તા. ૩૧.૫.૨૦૦૫ પહેલા પહોંચાડવા વિનંતી.

***મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ***

## શ્રી બાલાસિનો નવયુવક સંઘ

આ વર્ષે વિવિધ સમિતિઓમાં કામ કરવા ઈચ્છતા કાર્યકર્તાઓને વિનંતી કે તેઓ પોતાના નામ વહેલી તકે સંસ્થાના મંત્રી પ્રદીપ પ્રવીણચંદ્ર કડકિયાને પહોંચાડી દે જેથી તેના પર વિચાર કરી અમલમાં મુકવા સરળતા પડે.

***મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ***

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૮ | ૩ | ૧૪-૬-૨૦૦૫ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

☯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,

પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

☯

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# શૂન્યમાંથી સર્જન અને સર્જનમાંથી શૂન્ય

*એક મહેનતુ માણસના નસીબ ફર્યા અને અચાનક નસીબે સાથ આપ્યો. નસીબ એટલે પ્રારબ્ધ અને મહેનત એટલે પુરુષાર્થ બંનેનો સમયવય થયો. ધંધામાં પ્રગિત થઈ, જ્યાં હાથ નાંખો ત્યાં પૈસા જ પૈસા. ઊલટું સીધું કરવાની બિલકુલ આદત નહીં. સીધાં પાસા ફેંકે અને સીધાં હાથે બધુ મળતું ગયું.*

*આ વાત છે એક એવી વ્યક્તિની જેને ૩૦ વર્ષ સુધી બેઠાં બેઠાં ખાધુ પીધું અને જે આવ્યું એનાથી સંતોષ માળ્યો. પણ જેમ ઉપર કહ્યું એમ ૩૦ થી ૪૦ વર્ષ એટલે કે એક દસકામાં લખપતિ કહેવાય એવી સ્થિતિ પર પહોંચી ગયો. ખૂબ મહેનત કરી, રાત-દિવસ અને વર્ષો સાથે મળી આગળ પાછળ જોયા વગર, કુટુંબ હબીલો, ફ્રેન્ડ સર્કલ, સોશિયલ લાઈફ બધુ જ બાજુ પર હતું. આ દસ વર્ષ દરમિયાન એક દિવસ એને બેઠાં બેઠાં વિચાર આવ્યો ભગવાને મને સાથ આપ્યો અને મારી મહેનત સફળ થઈ. આટલું બધું કમાયો, ગામે ગામ અને દેશ-વિદેશ ફર્યો લાવ હવે થોડા આરામ કરવા દે. જિંદગી જે રીતે બીતાવી હતી એ રીતે બીતાવી શકાય એમ વિચાર કર્યો અને લાગી ગયો સમાજ સેવાના કામમાં, કોઈ પણ એના ઘરેથી પાછું ફરે નહીં. સ્કૂલ માટે, કોલેજ માટે, શિક્ષણ માટે, દવાદારૂ પાછળ અને જરૂરિયાતવાળાને મદદ કરવા લાગ્યો. મદદ એટલે કેવી કે બાજુવાળાને ખબર ન પડે. ડાબો હાથ આપે અને જમણાંને ખબર ન પડે.*

*દાન ગંગાનો પ્રવાહ એવો વરસાવ્યો કે આખાને આખા ફેમિલી દત્તક લીધાં. ગામડાંઓમાં અને પછાત પ્રજામાં મસીહાની જેમ એની પ્રસિદ્ધિ થવા લાગી. નસીબે સાથ આપ્યો, જેટલું દાન આપતો ગયો એનાથી વધારે કમાતો ગયો. પોતાની જિંદગી કે પોતાની ફેમિલીની જિંદગી એકલી ન જોતાં ગામની સેવા અને કોઈને પણ મદદ કરવાની ભાવનાથી ખૂબ જ સુંદર જિંદગી જીવ્યો.*

*જેમ કહેવત છે કે જેનું સર્જન છે એનો અસ્ત પણ છે. દુનિયાદારીનું ભાન ભૂલી ફક્ત સેવાનો રસ્તો અપનાવ્યો. એને ખબર હતી કે આવ્યો હતો બે ખાલી હાથે અને જવાનું છે તો બે ખાલી હાથે તો પછી આ હાય હાય કોના માટે ? કરોડો રૂપિયા હોવા છતાં રાત્રે ૬ દવાની ગોળી ખાવી કે ઓછા પૈસે શાંતિની જિંદગી બે વિકલ્પમાં એક વિકલ્પ જો લેવાનો હોય તો બીજો વિકલ્પ લેવો એવો નિરાધાર કર્યો.*

*પોતાની જિંદગીના પાછલાં વર્ષો તન-મન-ધનથી સેવા કરી અને ખૂબ જ સુંદર જીવન જીવવા માટે કિટબદ્ધ થયો. લાંબી જિંદગી ખરાબ રીતે જીવવી એના કરતાં નાની પણ સુંદર જિંદગી જીવવી એનો એ ધ્યેય બન્યો. વર્ષો વીતતા ગયાં અને ઉંમર પ્રમાણે કામ કરતા કરતા અને સેવા કરતા કરતા પાકટ ઉંમરે દેહ છૂટ્યો પણ સમાજમાં અને ફેમિલીમાં પોતાની સુગંધ ફેલાવતા ગયા અને આમ શૂન્યમાંથી સર્જન કરનાર સર્જનમાંથી જીવનનાં શૂન્યાવકાશમાં પહોંચી ગયો.*

***- તંત્રીવતી જતીન ન. દેસાઈ***

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત બાલાસિનોર મેડીકલ સેન્ટર મહેતા હાઉસ, ચોપાટી ખાતે એક રીસેપ્સનીસ્ટ્ ક્લાર્કની જરૂર છે. કોમ્પ્યુટરનું તથા એકાઉન્ટસ્‌ની થોડી જાણકારી હોય એવા સદસ્ય એ મંત્રીશ્રીને લેખીતમાં જાણ કરવી.

**સેન્ટરનો સમય:** સોમવાર થી શનિવાર, સવારે ૭.૦૦ કલાક થી બપોરે ૩.૦૦ કલાક સુધી રહેશે.

**ટે.નં.:** ૫૬૩૫ ૬૭૦૫, ૯૮૨૧૦ ૨૮૭૬૨.

***માનદ્ મંત્રી***
***શ્રી યોગેશ આર. ધારીઆ***
***શ્રી પંકજ કે. ધારીઆ***

## ।। શ્રી ગોકુલેશો જયંતિ ।।
## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ
## મુંબઈ - ૪૦૦ ૦૦૩.

સહર્ષ જણાવવાનું કે ઉપરોક્ત સમાજ આયોજીત ત્રિદિવસીય ધાર્મિક પ્રવચન સં.૨૦૦૫ ના જુલાઈ મહિનાની ૨૯-૩૦-૩૧ ત્રણ દિવસ ખાતે શ્રી પ્રેમપુરી અધ્યાત્મ ભવન, બાબલુનાથ રોડ, મુંબઈ-૭ મુકામે રાખવામાં આવ્યું છે.

ચાલુ વર્ષે ફાગણ મહિનામાં બાલાસિનોર મુકામે જેઓએ ખૂબજ મનનીય પ્રવચન કર્યુ હતું પૂજય શ્રી ગિરિરાજ શાસ્ત્રી (મહેસાણાવાળા) વ્યાસપીઠ ઉપર બિરાજશે પ્રવચનનો સમય તેમજ વિષય આવતા અંકમાં જણાવવામાં આવશે.

આપ સર્વે આ અમુલ્ય અવસરને માનજો અને પુષ્ટિમાર્ગનાં સિધ્ધાંતે સાંભળી-સમજીને જીવન રૂડું બનાવશે.

***લિ.***
***નવનીતલાલ સી. પરીખ (સરકાર) - મંત્રી***
***જય જય શ્રી ગોકુલેશ***

# દક્ષિણ ભારતની તીર્થયાત્રા

(ઘણીવાર મને થાય છે પ્રવાસગાથા અવરનવર લખવાનો લેખકનો શો આશય હોઈ શકે ? મારા મત મુજબ વાચકને તેના દિવાનખાનામાંથી બહાર કાઢી, પોતાનો સહયાત્રી બનાવી, રઝળપાટનો રસ ચાખવાને માટે 'ઘર' માંથી 'પથ' પર નીકળી પડવાને તેને વ્યાકુળ બનાવે. આ ઉમદા હેતુ વાચકને પ્રવાસીના ઉલ્લાસિત વ્યક્તિત્વનો સ્પર્શ થાય ત્યારે જ તે બર આવી શકે. આજદિન લગી મારી સઘળી પ્રવાસકથાઓ પાછળ આ જ સૂર કેન્દ્રમાં રહ્યો છે. તે માત્ર ભૌગોલિક કે ઐતિહાસિક માહિતીનો રસથાળ ના બનતાં, લેખકની જીવંત સંવેદનાનો સ્પર્શ વાચક અનુભવો એ ભાવ પણ આમાં ગૃહિત છે. ભ્રમણવૃત્તીની આ નવી લેખમાળા શરૂ કરતાં પૂર્વે આટલી પ્રસ્તાવના મને જરૂરી લાગતા અહીં તેનો નિર્દેશ કર્યો છે.)

*શિવોઽહં શિવોઽહં સદ્‌ચિદાનંદોઽહં /*
*પૂર્ણોઽહં પૂર્ણોઽહં પ્રેમસ્વરુપોઽહં/*
*ધન્યોઽહં ધન્યોઽહં ધર્મસ્વરુપોઽહં//*

દક્ષિણ ભારતના પ્રવાસ દરમ્યાન કલ્યાણ-સ્વરૂપ શિવનો મહિમા દર્શાવતુંઆ ભક્તિસ્તોત્ર મારાં હ્રદયમાં સતત ગુંજયા કરતું હતું. શિવ પંથીઓની આ મૂળ ભૂમિ; આથી ''ૐ નમો શિવાય'' નું રટણ ચોપાસે પથરાયેલાં દરેક મંદિરોમાં સાંભળવા મળે, એ સ્વાભાવિક હતું. ભારતની અસલી પ્રજા જ સાચે જોવા જઈએ તો અનાર્યો, જેમનો કાયમી વસવાટ આ દક્ષિણ ભારતમાં ગણાયય વિંધ્યાચળ આડશમાં હોવાથી અને ઉત્તરનો વિશાળ ભૂમિ-વિસ્તાર ઓળંગીને અહીં આવવાનું થવાથી એકંદરે બહારના પરદેશીઓના આક્રમણોનો ભોગ તે ઓછું બન્યું. આથી આ ધર્મ-પરાયણ પ્રજા સ્વભાવે શાંતિ-પ્રિય રહી. ઝગડા-કંકાસથી તે દૂર હોઈ ત્યાં આપણી લલિતકળાઓનો વિકાસ ધબકતો રહ્યો. આપણી વૈદિક સંસ્કૃતિ પણ તેમના પ્રતાપે જ અહીં ટકી શકી. આપણા ધર્મના ત્રણે મહાન આચાર્યો - માધવાચાર્ય, રામાનુજાચાર્ય અને શંકરાચાર્ય - આ ધરતીમાંથી પેદા થયા અને પ્રેમ, ભક્તિ અને કર્મયોગથી સારાયે ભારતનું નામ તેમણે વિશ્વસ્તરે રોશન કર્યું. ભક્તિમાર્ગની જયોત પ્રગટાવનાર પુષ્ટિ માર્ગના આચાર્યશ્રી વલ્લભાચાર્ય - મહાપ્રભુજી - પણ આ દક્ષિણની પેદાશ. વાસ્તવમાં તો આપણા આધુનિક કાળમાંયે જોવા મળતી સંત-પરંપરા : મૌનધારી શ્રી રમણ મહર્ષિ, સ્વામીશ્રી શિવાનંદ ને સ્વામી ચિન્મયાનંદજી, ગણેશપુરીના નિત્યાનંદબાબા ને મુક્તાનંદબાબા, શ્રી સાંઈબાબા, તથા જે કૃષ્ણમૂર્તિ વિ. આ દક્ષિણ ભારતની દેન છે. આથી આ પવિત્ર ભૂમિના દર્શન કરવાની અને તેની રજ માથે લઈ, છેક બાળપણથી ઢબુરાઈને પડેલી ભક્તિની જયોતને સતેજ કરવાની ભાવના, તક મળતાં ઝડપી લેવાની અભિલાષા મને સહજ હોય.

આમ પણ રોજબરોજની ઘટમાળમાંથી પેદા થતાં થકાવટ ને કંટાળાને દૂર કરવાનો એક સુંદર અવસર આપણને પ્રવાસમાંથી સાંપડતો હોય છે. ચોમેર વ્યાપેલાં પ્રદુષણ ને ઈમારતોના ખડકલાથી કયાંક દૂર નાસી જઈ, પ્રકૃતિનું સાંનિધ્ય સાધવાની પ્રબળ ઈચ્છા સૌ કોઈ સંવેદનશીલને થતી હોય. તે સાથે પ્રેમનો વિસ્તાર કરવા નવા-અપરિચિત લોકોને મળવાનો, તેમની સંસ્કૃતી સાથે તેમની અલાયદી રહેણીકરણી ને લોકબોલીને નજદીકથી માણવાનો મોકો માત્ર પ્રવાસ દરમ્યાન મળતો હોઈ તેનું ખેંચાણ પણ રહે. પરિણામે આજદિન સુધી મારા વિશ્વ-પ્રવાસદ્વારા આ ભાવ-જગતને હું હંમેશ પોષતો રહ્યો. તેનાથી મારી ચેતનાનો વિસ્તાર વધ્યો તથા મારા વ્યક્તિત્વની સમૃધિમાં ઉમેરો થયો. હવે માભોમને નખશિખ ઓળખવાની તાલાવેલી જાગતા, આ વર્ષે ફેબ્રુઆરી માસમાં, ચોપાટી સ્થિત નાના-નાની પાર્કના સિનિયર સિટિજનોના મિત્ર મંડળ, દક્ષિણ ભારતના સત્તર દિવસની તીર્થયાત્રાનું આયોજન

કરતાં, તેમાં મારું નામ આમેજ કરવા, મેં વિનંતિ કરી. તારીખ પાંચ ફેબ્રુઆરીના રોજ, અમારો એંશી જનનો ભક્તસમુદાય, તિરૂપતિ એક્ષ્પ્રેસ મારફતે મુંબઈ વી.ટી.થી બાલાજી જવાને રવાના થયો. કેટરીંગની સુંદર વ્યવસ્થા, અગાઉથી કરેલ બોગીની બેઠકો માટેનું આયોજન અને અન્યોન્યના પ્રેમ-સહકારના કારણે અમારી ચોવીસ કલાકની મુસાફરી જલ્દી પૂરી થઈ. બીજા દિવસની બપોર સુધીમાં તો અમે બાલાજી આવી ગયા.

આંધ્ર પ્રદેશમાં આવેલું તિરૂપતિનું બાલાજી મંદિર, દુનિયાનું ઉત્કૃષ્ટ તીર્થધામ ગણાય. આ મંદિરમાં મૂર્તિઓના દેવતાઓની આણ પ્રવર્તે. મનની અનેક મુરાદો લઈ નિયમિત આવતા અગણ્યભક્તોને કારણે દર્શનાર્થીઓની ભીડ અહીં હંમેશ રહે. પણ વિશાળતા ને વ્યવસ્થિત આયોજનના લીધે અત્રે <u>શ્રધ્ધાળુઓમાં</u> ધમાચકડી કે ગેરવ્યવસ્થા જોવા ના મળે. આ યાત્રિકોના ધસારાના કારણે બાલાજી મંદિરના ટ્રસ્ટને કુબેરનો ભંડાર કહ્યો છે. અહીંની વિશિષ્ટતા એટલી જ કે આ અઢળક સંપત્તિનો ઉપયોગ તેમને નગર વિકાસમાં કરીને ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે. અહીંના સ્વચ્છ જાહેર રસ્તાઓ તથા સુંદર ઉપવનો, કેળવણીની ઉત્તમ સંસ્થાઓ ને સેવાભાવી ઈસ્પિતાલો વિ. તેના જ પ્રતાપે અત્રે હ્યાતીમાં છે. ટૂંકમાં, આ શહેરની તાસીર જ મંદિરની મોટી કમાણીના કારણે બદલાઈ ગઈ.

દક્ષિણના દરેક મંદિરને એની અલગ ઓળખાણ, આગવો મિજાજ અને તેમાં રહેલી નિરાળી છટા જોવા મળે છે. કોઈ મંદિરનું સ્થાપત્ય તથા કલાત્મક શિલ્પ એટલાં સૌન્દર્યમંડિત હોય કે બાહ્ય સૌન્દર્યનું પાન એકધારું કરતા રહીએ. કેટલાંકની ભવ્યતા, વિશાળતા, કોતરકામથી ભરેલાં તેના સ્તંભોવાળા મંડપો, વિધવિધ પ્રતિમાઓ અને ચિત્રકળાથી સુશોભિત તેમનાં ૫ થી ૭ મજલાવાળા પ્રવેશદ્વારના ટાવરો જ અનન્ય. તેમાં રંગકૌશલ્ય ઉમેરાતાંતેની શોભા અનેકગણી વધી જાય. દેશ-પરદેશના યાત્રિકોને આ મોહક સૌન્દર્ય કેમેરામાં કેદ કરી લેવાનું મન થાય એ સહજ છે.

અમે તિરૂપતિની ટેકરી પર, કુદરતના વૈભવની વચમાં આવેલું આ વેંકેટેશ્વર - બાલાજીનું સુવર્ણ મંદિર જોવાને પૂરા બે દિવસ ફાળવ્યા હતા. અહીં મૂળ પ્રતિમા મહાવિષ્ણુની વિશાળ વિસ્તારમાં પથરાયેલ તેનો પરિસર જોતાં જ થાકી જવાય. અંદર પવિત્ર જળનાં કુંડો ને ઉદ્યાનો તો હોય જ. નાના–મોટા અનેક ઈષ્ટદેવોની પ્રતિમાઓ અહીં જૂદાજૂદા મંડપોમાં ગોઠવાયેલી જોવા મળે. તે સૌની પૂજા-અર્ચના, અભિષેક ને આરતી અચૂક થાય. પૈસાનો વ્યવહાર દરેક સ્થળૈ જોવા મળૈ, જે મનને કઠે. બાકી તેના પરની અપાર <u>શ્રધ્ધા</u> ને અનન્ય વિશ્વાસ હોઈ સૌ તે નભાવી લે. હા, ઘણાં મંદિરના ગર્ભદ્વારમાં અંધકારનું સામ્રાજય વ્યાપેલું જણાય, જેના કારણે મૂળ મૂર્તિઓના સ્પષ્ટ દર્શન ના થાય. તે સિવાય ગંદકી ને અવ્યવસ્થા કેટલાંકમાં નજરે પડે ત્યારે મંદિરની શુચિતાને ધક્કી પહોંચે. આ માટે બન્ને પક્ષની સજાગતા જરૂરી જણાઈ.

આ તીર્થધામની પાછળ અનેક દંતકથાઓ જોડાયેલી છે. ભક્તોની <u>શ્રધ્ધાનું</u> તે જ કેન્દ્ર બિંદુ ઘણીવાર તે ખૂબ રસમય ને આસ્વાદ પણ લાગે. તેમાંની એકને અહીં તપાસીએ :

વૈકુંઠમાં રહેલ વિષ્ણુ ભગવાનને રાજા ભૃગુએ એકવાર અપમાનિત કર્યા દેવી લક્ષ્મીને સાથી ગુસ્સો આવ્યો; પરંતુ ભગવાન તેનાથી ક્રોધિત થવાને બદલે તેને માફ કરી દીધો. આથી છંછેડાયેલી દેવીજી દેવલોક છોડીછેક પૃથ્વી પર આવીને તપ કરવા લાગ્યા. તેની આ નારાજગી દૂર કરવા, તેને શોધતા ભગવાન વિષ્ણુ પણ તેની પાછળ અહીંની સપ્ત પર્વતમાળા પર આવ્યા અને ત્યાં જ વાસ કર્યો. તે વેળા નારાયણપુરની રાજકુંવરી, પદ્માવતી, સાક્ષાત ભૂદેવી, ત્યાં રહેતી હતી. અહી બન્નેનો મેળાપ થતાં રામાવતારમાં ભગવાને તેની સાથે લગ્ન કર્યા. પણ આ લગ્નોત્સવ પાછળ તેમનો

અઢળક ખર્ચ થયો. આ માટે ભગવાને ધનપતિ કુબેર પાસેથી ઉછીનું ધન વ્યાજે લીધું. હવે પરિસ્થિતી એવી થઈ કે ભગવાન તે લોન વાળી ના શક્યા. આથી અહીંના ભક્તો ભગવાન વિષ્ણુને કહે છે. તિરૂપતિની તળેટીમાં આવેલું કુબેરનું મંદિર આ નિમિત્તે છે, એવી લોકવાચકા આ પાછળ છે અને આ મંદિરનો મહિમા અ પ્રકારની રસપ્રદ કથાઓને કારણે અધિક જળવાઈ રહ્યો છે. દક્ષિણના મંદિરોમાં દર્શનનો સમય લાંબો હોઈ યાત્રીઓને ખૂબ અનુકૂળ રહે છે. તેને લઈ તેઓ શાંત ચિત્તે પ્રભુની આરાધના કરી શકે છે. અહીંના દર્શન પતાવી અમે અત્રેઆવેલ મહાપ્રભુજીની બેઠક પર ગયા. ત્યાં વૈષ્ણવીએ ઝારી ભરી બેઠકના દર્શન કર્યા અને મંદિરમાં યોગ્ય દાન આપ્યું. પછી લંચ વિધિ સાથમાં કરી સમય હોઈ કેટલાંક અન્ય મંદિરોની મુલાકાતે ગયા. આમ દિવસ પૂરો થયો.

બીજી સવારે અગાઉની ગોઠવણ પ્રમાણે ત્રણ લકઝરી બસોમાં બેસી અમે મદ્રાસ તરફ પ્રયાણ કર્યુ. વચમાં કાંજીવરમ મંદિર આવ્યું. ત્યાં દર્શન કર્યા ને લંચનો કાર્યક્રમ પણ પતાવ્યો. આ મંદિરની પણએ જ લાક્ષણિકતા રહી, જે દક્ષિણના તીર્થધામોમાં સર્વત્ર જોવા મળે. ફરીને બસમાં ગોઠવાયા ને આનંદ-ક્લ્લોરના વાતાવરણ વચ્ચે લાંબી મજલ કાપી અંતે ચેન્નાઈ આવ્યા. દક્ષિણ ભારતનું તે અગત્યનું બંદર મૂળ તે મદ્રાસથી ઓળખાતું હતું. વેપાર-ધંધામાં અને જાહોજહાલીમાં તેને કોઈ ના પહોંચે અહીંની મુખ્ય વસ્તી તામિલ પણ પચરંગી પ્રજાઓના આવનજાવનના કારણે વ્યવહારમાં અત્રે તમિલ ભાષા સાથે હિંદી-અંગ્રેજીનો મહિમા ખરી. રાત અહીંની અદ્યતન હોટેલ પર બે દિવસનો અત્રે મુકામ હતો. આથી સૌને થોડીક માનસિક શાંતિ હતી.

નવા દિવસની નવી પ્રભાતે, સવારના નાસ્તા-પાણી પતાવી બસ મારફતે અમે પ્રથમ દરિયાકાંઠે આવેલ **મરીના બીચ** પર આવ્યા સ્વચ્છ ને વિશાળ તેનો પટ જોતાં સૌ આનંદમાં આવી ગયા અને ત્યાં ટહેલવાને નીકળી પડયા. તેના ભવ્ય સાગરને નિહાળી કવિ ન્હાનાલાલ યાદ આવ્યાઃ

***પિતા પેલો આઘે જગત વીંટતો સાગર રહે,***
***અને વેગે પાણી સફળ નદનાં તે ગમ વહે.***

અનેક નદીઓને પોતાના પેટાળમાં સમાવી, અટળ રહેતો ઉદધિ, મનુષ્યને સ્થિતપ્રજ્ઞનો બોધ આપી જાય છે ! બે માસ પૂર્વે અહીં સુનામીનું તાંડવ ખેલાઈ ગયું એની યાદ તાજી થાય છે. જો કે તેની ઝાઝી અસર તાત્કાલિક સમારકામ હાથ ધરતા ત્યારે ના જણાઈ. અહીં કિનારા પર ઊભા રહીને સૌને પાણીમાં છબછબિયાં કરવાની મઝા પડી ગઈ. કેટલાંક વળી કેમેરાની ચાંપ દખાવવામાં રોકાઈ પડયા. પ્રકૃતિ દર્શનનો મોહ કોને ના હોય ? પછી અમે સર્પ મ્યુઝિયમ જોવા ગયા. ભાતભાતના અને વિચિત્ર પ્રકૃતિ ધરાવતાં અવનવાં અનેક સર્પો તથા અજગરો જુદી જુદી કોટડીમાં હરતા-ફરતા જોયા ને તેમનું સમગ્ર જગત નજદિકથી જોવાનો અવસર આ નિમિત્તે મળ્યો. બહાર આવતાં તેનો શા પણ સૌને બતાવ્યો. બસમાં બેસતા પૂર્વે એકાદ હરણ ત્યાં રમતુંઆવી ચઢયું, તેની સાથે ગેલ કરવાની સૌને મઝા પડી. છેલ્લે અમે મગરીના નિવાસસ્થાને ગયાં. મોંઘી ટિકિટ હોવા છતાં તેનો શો જોવા દરેક જણ લલચાયાં. વિશાળ વિસ્તારમાં અનેક નાના-મોટા કુંડો તથા તળાવડીઓમાં, મસ્ત થઈને આ આળસુ પ્રાણીઓની જંગી જમાત પડી હતી. સમુહમાં રહેવા છતાં તેમની વચ્ચે હરીફાઈ કે મારામારી ક્યાંય ના જણાઈ. પાણીમાં ને કિનારા પર પડેલાં નાના કે મોટા સૌને આટલી મોટી સંખ્યામાં જોવા તે જ એક લ્હાવો છે. એક સ્થળે બાળ મગરને હાથમાં લઈ રમાડવાની તક સાંપડી. પૈસા આપી તેને કેમેરાની ચાંપ દાબી ફોટો પડાવવાનો એક કિમિયો માત્ર હતો, તેની જાણ થઈ. સમય થતાં મગરો માટે ખોરાક ખવડાવવાનો કાર્યક્રમ ગોઠવાયો. ભૂખને સંતોષવા અધીરા બનેલા આ પ્રાણીઓ કેવી પડાપડી કરે છે તે નજરે જોવા મળ્યું.

લંચ પતાવી કેટલાંક બજારમાં ખરીદી માટે ઉપડી ગયા તો બીજા આરામ માટે પોતાના કમરામાં ગયા. અમારા જેવા જિજ્ઞાસુ અડિયાર ગયા. International Centre For Theosophical Society નું આ મુખ્ય મથક સમયની પાબંધીનેકારણે અમને અહીં બે વસ્તુઓ જોવા મળી : એક તેનું અલૌકિક મ્યુઝિયમ અને બીજો તેનો પુસ્તક-વિક્રિ કેન્દ્ર તેના વિશાળ પરિસરની અમને પ્રદક્ષિણા કરવા ના મળી. લિપનિ ક્ષેત્રે વિશ્વે સાધેલી પ્રગતિનો સિલસિલાબંધ ઈતિહાસ અહીંયાં સચવાયો છે. અનેક પુરાણી હસ્તપ્રતો, તામ્રપત્રો, ઝાડની છાલ પર કોતરેલ વાલ્મીકિ રામાયણ, ચીની તથા તિબેટની ભાષાની કૃતિઓ, અલભ્ય ગ્રંથો તેમ જ અર્ધા ઈંચમાં સમાઈ જતી સૌથી નાના કદની કિતાબો વિ. આ સંગ્રહાલયનું મુખ્ય આકર્ષણ અહીંના બુક સ્ટોલમાં રહસ્યવાદના તથા <u>ધાર્મિક-આધ્યાત્મિક</u> સાહિત્યના અનેક ગ્રંથો જોવા મળ્યા. સાથે આવેલ બહેનોને અહીં આવ્યાનો સંતોષ થયો. પછી અમે સૌ માર્કેટ પર આવ્યા. સાડીઓનું આ મુખ્ય બજાર ગજવા જોઈ દરેકે પસંદગીની ખરીદી અહીં કરી. રાત્રે અમે હોટેલ પર પાછા ફર્યા. અમારા ગ્રુપના બીજા બધા પણ ખરીદી કરીને હવે આવી ગયા હતા. રાતનું ડિનર પતાવી સૌ દિવસભરનો થાક ઉતારવા નિધને આધિન થયા.

પ્રવાસનું પ્રથમ ચરણ અત્રે પૂરું થાય ચે. આગળની યાત્રાના સંભારણા હવે બીજ હપ્તામાં જોશું અહીં આ ભક્તિના માહઠોલમાં મનને ગોખલે એક ભાવ-ગીતનું સહજ સ્મરણ થાય છે :

***"મારે મંદિરમાં ભવ્યતાને સર્જવી છે***
***એમાં ઈશની દિવ્યતા નીરખવી છે;***
***સંઘશક્તિનો ભાવ વળી લાવવો છે.***
***મંદિરના મહિમાને જાણવો છે***
***મારે મંદિરના મર્મને પિછાણવો છે."***

***ક્રમશ:***

***રજુકર્તા: ભગેશ કડકિયા***

**॥ શ્રી ગોકુલેશો જયંતિ ॥**
**શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ**
**C/o સી/૧૦, ભારત નગર, ગ્રાંટરોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭.**

**'વ્રજમાધુરી' પુસ્તકની બીજી આવૃત્તિ.**

પ્રિય વૈષ્ણવજન,

શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ પ્રકાશિત 'વ્રજ માધુરી' પુસ્તકની દ્વિતિય આવૃત્તિ છાપવાનો રૂડો અવસર પ્રાપ્ત થયો છ. તેનો ખૂબ આનંદ છે.

પ.પૂ. ગોસ્વામીશ્રી ૧૦૮ શ્રી વલ્લવબાવા મહોદય (ગોકુલ-અમદાવાદ) ના શ્રી ચરણોમાં આ બીજી આવૃત્તિની પુસ્તકો ભેટ કરતાં અમો ખૂબજ આનંદ અને ગર્વ અનુભવાએ છીએ.

આ પુસ્તકો હવે છાપવાની પ્રક્રિયામાં છે. જેથી જે મનોરથીઓએ આ પુસ્તકમાં મનોરથી તરીકે પોતાનાં નામ લખાવ્યાં હોય અને જેઓએ રકમ ન આપી હોય તેઓને વિનંતિ કે રૂા.૨,૦૦૦/- અંકે બે હજાર નવનીતભાઈ સરકારને બનતી ત્વરાએ મોકલી આપે.

સદર પુસ્તકો છપાયા પછી પૂજય બાવાશ્રીના શ્રી હસ્તે દરેક મનોરથીને બે.બે પુસ્તકો તથા પ્રસાદી ઉપરણો ભેટ આપવામાં આવશે.

***લિ.***
***નવનીતલાલ સરકારના***
***જય જય શ્રી ગોકુલેશ***

તા.: ૫-૬ મનોરથીઓનાં નામ લખવાનાં વાકી છે તો જે વૈષ્ણવની ઈચ્છા હોય તે મને ટેલીફોનથી જાણ કરે.

## શ્રી બાલાસિનોર સેવા સમાજ

શ્રી વિનયકાની મણીલાલ કડકીયા (લટકારી) તરફથી રૂા.૫૧,૦૦૦/- (એકાવન હજાર પૂરા) નું માતબર દાન શ્રી બાલાસિનોર સેવા સમાજને તેઓના માતા-પિતા મણીબેન તથા મણીલાલ છોટાલાલ કડકીયા ની પુણ્યસ્મૃતીમાં પ્રાપ્ત થયેલ છે.

***- મંત્રીઓ***

# કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક બાલાસિનોર

ગ્રામ સેવા સમાજ સંચાલિત ઉપરોક્ત પાર્ક માટેના ભંડોળના વ્યાજમાંથી પાર્કનો નિભાવ થઈ શકતો નથી. આથી પાર્કના નિભાવ અને વિકાસ માટે પ્રતિવર્ષ ભંડોળ ઉઘરાવવામાં આવે છે. શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ, ઠાસરાવાળાની દેખરેખ નીચે પાર્કનો વિકાસ કરવાનું નક્કી થયું છે. આ અંગે નીચેના સભ્યો-શુભેચ્છકો તરફથી રૂપિયા મળ્યા-નોંધાયા છે. વધુ રકમ પ્રાપ્ત થશે એવી અપેક્ષા. અપીલ બદલ સહકાર આપવા બદલ સહુ સભ્યો-શુભેચ્છાકોનો હાર્દિક આભાર.

**વર્ષ ૨૦૦૫-૦૬ માટે રૂ.૫૦૦૦ /- ના મળેલા નોંધાયેલા યુનિટો**

નટવરલાલ ચુનીલાલ મોદી જનસાથી ચેરીટેબલ ટ્રસ્ટ

**વર્ષ ૨૦૦૫-૦૬ માટે રૂ.૨૦૦૦ ના મળેલા નોંધાયેલા યુનિટો**

શ્રીમતી શાંતાબેન જમનાદાસ ગાંધી

**વર્ષ ૨૦૦૫-૦૬ માટે રૂ.૧૦૦૦ ના મળેલા નોંધાયેલા યુનિટો**

શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ
શ્રી નટવરલાલ મગનલાલ કડકીઆ (લટકારી)
શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ
શ્રી પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)
શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)
શ્રી કચરાલાલ રમણલાલ દોશી
શ્રી ચંદ્રકાંત મોહનલાલ ધારીઆ
શ્રી બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)
શ્રી નવનીતલાલ સાકરલાલ ધારીઆ (માટલી)
શ્રી બાબુલાલ સાકરલાલ દેસાઈ (અભ્યુદય ટ્રસ્ટ)
શ્રી જયંતિલાલ સાકરલાલ ધારીઆ (દલાલ)
શ્રી નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ (દિલ્હીવાળા)
શ્રી શશિકાંત મણિલાલ ગાંધી
શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ કચેરીઆ
શ્રી જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ (ઓલ્લા)
શ્રી વસંત શાંતિલાલ પરીખ (કુવાવાળા)
શ્રી રસિકલાલ ચુનીલાલ ધારીઆ (દલાલ)
શ્રી રસિકલાલ સાકરલાલ મોદી (દેવ)
શ્રી રજનીકાંત મણિલાલ શાહ (નગરશેઠ)
શ્રી લલ્લુભાઈ સાકરલાલ દેસાઈ (પેઢીવાળા)
શ્રી બાબુલાલ ભીખાલાલ પરીખ (બખલી)
શ્રી નવીનભાઈ જેઠાલાલ શાહ (વડોદરાવાળા)
શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા)
શ્રી નવીનભાઈ ચીમનલાલ શાહ (મેનપુરાવાલા)
શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)
મે. વીલગ્રીન કોમર્શિયલ કોર્પોરેશન
શ્રી નટવરલાલ ચંદુલાલ મોદી (એમ.સી.મોદીવાળા)
શ્રી દિલીપ કાંતિલાલ ચાંદીવાલા
શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (લટકારી)
શ્રી કીર્તિકુમાર નટવરલાલ દેસાઈ (દેડકી)
શ્રી પ્રકાશ નટવરલાલ દેસાઈ (રોજવાવાળા)
શ્રી રાજેશ કીર્તનલાલ દેસાઈ (લાટવાળા)
શ્રી અરવિંદ ચીમનલાલ પરીખ (દૂધવાળા)
શ્રી કિરીટ મોહનલાલ મોદી (દેવ)
શ્રી સદ્‌ગુણબેન નવનીતલાલ દેસાઈ
શ્રી બાબુલાલ મણિલાલ કડકીઆ (વલ્લવધેલા)
શ્રી કીર્તનલાલ સાકરલાલ દેસાઈ (તલાટી)
શ્રી કાંતિલાલ લાલચંદ દોશી
શ્રી ચીમનલાલ લલ્લુભાઈ શાહ (હાથીખાનાવાળા)
શ્રી કીર્તનલાલ મણિલાલ પારેખ(બાલાસિનોર)
શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ (ફાંફા)
શ્રી ભગીરથ પુનમચંદ પરીખ (વૈદરાજ)
શ્રી શશીકાંત ચીમનલાલ ધારીઆ (દલાલ)
શ્રી સરલાબેન નવીતલાલ દેસાઈ (દેડકી)
શ્રી રજનીકાંત કોદરલાલ મોદી
એક શુભેચ્છક તરફથી

શ્રી નવીનચંદ્ર ચીમનલાલ પરીખ (બખલી)
શ્રી કીર્તનલાલ મગનલાલ ગાંધી (પાકા)
શ્રી નટવરલાલ ઓચ્છવલાલ કડકીઆ (લટકારી)
શ્રી નવનીતલાલ રમણલાલ કડકીઆ (સારંગી)
શ્રી સુશીલાબેન જયંતિલાલ કડકીઆ (ધંગેલા)
શ્રી કિરીટકુમાર કાંતિલાલ શાહ (ભજડાવાળા)
શ્રી બીપીન અને નીતિન ગાંધી (બી.જી.એન્ટરપ્રાઈઝ)
શ્રી દિનેશ ચીમનલાલ પરીખ (રાઠોડિયા)

**વર્ષ ૨૦૦૫-૦૬ માટે રૂ.૫૦૦/- ના મળેલા નોંધાયેલા યુનિટો.**

શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા)
શ્રી પ્રવીણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી)
શ્રી અજીતભાઈ કાંતિલાલ ચાંદિવાલા
શ્રી ગજુભાઈ મણિલાલ મોદી (ભઠ્ઠી)
શ્રી સુરેન્દ્ર બાબુલાલ ગાંધી (આલ્પસ)
શ્રી ગોપાલ ભીખાલાલ પરીખ (અધોળી)
શ્રીમતી શાંતાબેન રસિકલાલ પરીખ (વલસાડવાળા)
શ્રી શશિકાંત રમણલાલ દોશી
શ્રી ગોપાલદાસ મગનલાલ શાહ (ગુંથરીવાળા)
શ્રી અનિલ કાંતિલાલ ધારીઆ (બલબલ)
શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ)
શ્રી જયંતિલાલ મુળજીભાઈ પરીખ (બખલી)
શ્રી રમેશચંદ્ર રમણલાલ ધારીઆ (ગાંડીધારીઆ)
શ્રી બંસીભાઈ મણિલાલ ગાંધી
શ્રી જગદીશ શાંતિલાલ પરીખ
શ્રી શશિકાંત પુનમચંદ મોદી (ભડકી)
શ્રી રજનીકાંત જયંતિલાલ કચેરીઆ
શ્રી શકુંતલા શશિકાંત ધારીઆ
શ્રી બીપીન કીર્તનલાલ દોશી
ડૉ. ચંદ્રકાંત રમણલાલ દેસાઈ
શ્રી રમેશચંદ્ર લલ્લુભાઈ ધારીઆ (વકીલ)
શ્રી પંકજકુમાર મુળજીભાઈ મોદી (ભઠ્ઠી)
શ્રી હીરાલાલ મણિલાલ પરીખ (ડાબલી)
શ્રી કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)
શ્રી દિલીપકુમાર ચુનીલાલ ધારીઆ (દલાલ)
શ્રી સુષમાબેન પ્રવીણચંદ્ર દેસાઈ

ઉપરોક્ત નામો છાપેલા છે. કોઈ પણ ભાઈ બેનનું નામ રહી ગયું હોય તો તુરંત જાણ કરવી. કાંતિલાલ પરીખ પાર્ક-ગ્રામ સેવા સમાજનાં સભ્યો શુભેચ્છાકોને ફાળો નોંધાવવા નીચોના ભાઈઓનો સંપર્ક સાધવા વિનંતી. રૂા.૧ લાખનો ટારગેટ છે.

(૧) રસીકભાઈ દેવ
(૨) રસીકભાઈ ધારીઆ (દલાલ)
(૩) મોહનભાઈ પરીખ
(૪) વસંતભાઈ પરીખ
(૫) રજનીભાઈ ઠાસરવાળા (બાલાસિનોર)

*ગ્રામ સેવા સમાજ*

**Shree Balasinor Navyuvak Sangh Pushtak Yojna**

All the students, who ever has taken books from Balasinor Navyuvak Sangh Pushtak Yojana for the year 2004-05, and if your exams (Annual) are over are requested to return their respective books back to the B.N.S. please don't wait your the results to come. If required, fresh books will be issued later on after the results.

**- Manjul Dharia**
**Conveyor**

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક-૧૧)

❑ *જયંતિ કડકીઆ*

બબલો અને બબલી ટુર પર જવા માટે ઘરેથી ટેક્સીમાં બેસી છત્રપતિ શિવાજી ટર્મિનલ જવા નીકળ્યા ત્યારે બબલીને વિચાર આવ્યો કે બબલાને અમેરિકા જઈ સ્થાયી થવાનું કહ્યું ત્યારે બબલાને વિચાર આવ્યો કે બબલીને ભારત દેશમાં જુદા જુદા સ્થળો બતાવું અને તે ખુશ થતી હોય અને અમેરિકા જવાનો વિચાર છોડી દે અને ભારતમાં રહેવાનું વિચારે તો સારું એમ વિચારતો હતો. ત્યાં તો છત્રપતિ શિવાજી ટર્મિનલ આવી ગયું અને બંને જણ ટેક્સીમાંથી નીચે ઉતર્યાં.

પહેલું કામ સ્ટેશન પર ટુરના કન્વિનર પાસેથી થ્રી ટાયર સ્લીપરની ટિકિટ લઈ પોતાની જગ્યાએ બેસવાનું હતું. પહેલાં જે ડબાને થર્ડ ક્લાસ કહેવામાં આવતા હતા તેનું સુધરેલુ નામ થ્રી ટાયર રાખવામાં આવ્યું હતું. અહીં આ સંસ્થાએ એવી જોગવાઈ રાખી હતી કે જેને જે ક્લાસ જેવી કે થ્રી ટાયર એસી, ટુ ટાયર એસી કે ફર્સ્ટ ક્લાસ જેમાં આવવું હોય તેમાં આવી શકે છે. પરંતુ તેઓને થ્રી ટાયર સ્લીપરના રૂપિયા કાપી આપવામાં આવશે. પરંતુ થ્રી ટાયર સ્લીપર સિવાય આવનારે પોતાની ટિકિટ પોતે કઢાવી લાવવી પડશે કારણ કે તેમના અનુભવ પરથી તેઓને ખ્યાલ હતો કે બધાને નીચેની સીટ જોઈતી હોય છે જે શક્ય હોતું નથી.

મુંબઈથી કોલકાતા અંદાજે બે દિવસની લાંબી ટુર હતી. બબલીના લગ્નના પંદર વર્ષ બાદ પહેલી વખત આટલી લાંબી ટુર કરવાની હતી. મોસમ શ્રાવણ મહિનો હતો તેથી કુદરીત સૌંદર્ય માણવાનો આ સુંદર વખત હતો. કુદરતી સૌંદર્ય વિશે ચોપડીઓમાં, છાપાઓમાં તેમ જ ભણવામાં ઘણું આવતું હતું પરંતુ જાત અનુભવ કરવામાં અને વાંચવામાં ઘણો ફરક હોય છે. આ ટુરમાં પાંત્રીસથી પંચોતર વર્ષ સુધીના ઉપરના માણસો હતા. બબલીએ વિચાર્યું કે બે દિવસ ગાડીમાં કેવી રીતે જશે.પરંતુ પાછો વિચાર આવ્યો કે આટલા બધા માણસો સાથે પરિચય થશે. ગામ ગપાટા મારીશું તેમ જ વડીલો પાસેથી તેમના જમાનાની જુની વાતો સાંભળવાની મઝા આવશે. અને ગાડી ઊપડવાનો સમય પણ થઈ ગયો. ગાડી ઊપડ્યા પછી એકાદ કલાક થયો હતો ત્યારે કુદરતી સૌંદર્યની ઝલક જોવા મળી. ગાડીની બંને બાજુ લીલોતરી હતી. જમીન પર લીલી ચાદર પાથરી ન હોય એમ લાગતું હતું. તેમ જ વચ્ચે વચ્ચે નદી-નાળાંમાંથી પાણીનો ખળખળાટ તેમ જ પાણી, ડુંગરો પરથી પડતા પાણીનો પ્રવાહ જોઈ બબલીને બહુ જ આનંદ આવતો હતો. આ ઉપરાંત પક્ષીઓનો કલબલાટ અને જુદા જુદા પંખીઓનો જુદો જુદો અવાજ સાંભળવાનો આ પહેલો પ્રસંગ હતો. આ બાજુ જોવા બબલી બારી પાસે બેઠી હતી.

બે-ત્રણ કલાક કુદરતી સૌંદર્ય જોયા પછી બબલીએ વિચાર્યું કે ડબામાં બીજા પણ લોકો આવ્યા છે તો તેમને મળી આનંદ પ્રમોદ કરું અને તેઓ પાસેથી નવા-જૂના જમાનાની વાતો સાંભળવાની મઝા પણ આવશે. આમ વિચારી બબલી ડબ્બાના કમ્પાર્ટમેન્ટમાં ફરવા નીકળી. ત્યાં એક જગ્યાએ સાત-આઠ પચાસથી સાઠ સુધીની સ્ત્રીઓ અને પુરુષો આનંદ-મઝાની વાતો કરતા હતા. બબલી ત્યાં આગળ ગઈ એટલે એક જણે બબલીને બુમ મારી. તેઓ બબલીને ઓળખતા હતા તેથી કહ્યું બબલી અહીં બેસ. આજે અમારી પાસેથી નવા જુના જમાનાંની વાતો સાંભળવાની મઝા આવશે. બબલીએ પેન્ટ અને ટાઈટ ટી-શર્ટ પહેર્યા હતા. બબલી આ લોકો પાસેથી વાતો સાંભળવાની મઝા આવશે એમ વિચારી તેમની સાથે બેસી ગઈ.

એક બહેન બબલી પર કટાક્ષ કરતાં બોલ્યા, શું જમાનો આવ્યો છે. આજે ફેશનના નામે છોકરીઓ કેવાં

કેવાં કપડાં પહેરે છે. મીની સ્કર્ટ તેમ જ બોપ વગર બ્લાઉસ અને તે પણ અડધું પેટ દેખાય એવું હોય છે તેથી અડધું શરીર ખુલ્લું દેખાતું હોય છે. તેથી આવી છોકરીઓનું રસ્તે જતા છોકરાઓ મશ્કરી તથા અટકચારો કરતા હોય છે. ત્યારે કહે છે કે મારી છેડતી કરી તો શું કરે ? આજે છાપામાં બળાત્કારના કેશો રોજ વાંચવામાં આવે છે. એ આ ફેશનનું પરિણામ છે. પરંતુ આજે પંજાબી ડ્રેસની જે ફેશન આવી છે તે સુંદર અને આવકારદાયક છે. તેમાં આખુ શરીર ઢંકાય છે. પુરુષાો આજે જે કપડાં પહેરે છે તેમાં તેમનું આખું શરીર ઢંકાયેલું હોય છે. આજે છોકરીઓ જે સાડી અને છોકરાઓને ધોતિયું પહેરતાં પણ આવડતાં નથી. આપણા દેશમાં જોઈશું તો હિમાલયના આજુબાજુના પ્રદેશ શિવાય આખા દેશમાં સ્ત્રીઓ માટે સાડી અને પુરુષો માટે ધોતિયાં પહેરાય છે. ભલે જુદી જુદી જગ્યાએ પહેરવાની રીત જુદી જુદી હોય છે. દરેક પ્રદેશની પહેરવાની રીત કુદરતના હવામાન આધારિત હોય છે. પણ જો આમ ને આમ ચાલશે તો આપણા લોકોની અસર પહેરવેશ કદાચ બદલાઈ જાય. જો આપણે આપણી સંસ્કૃતિ જાણવી હોય તો છોકરીઓને તેમ જ છોકરાઓને સાડી, ધોતિયાં મોટા થાય ત્યારે પહેરતાં શીખવી દેવા જોઈએ. અને આપણો વારસો સાચવવો એ આપણી ફરજ છે. જૈન લોકોમાં નાનપણથી છોકરાઓની ધોતી પહેરાવી દેરાસરમાં લઈ જવાય છે અને છોકરીઓને સાડી પહેરાવી દેરાસુરમાં જાય છે.

એ જ બહેને આગળ જણાવ્યું કે અમે જ્યારે દસ-બાર વર્ષના હતા ત્યારે અમારી મા અમને ઓઢણી પહેરાવતાં શીખવતાં હતાં. ઓઢણી એટલે અડધી સાડી કહી શકાય અને જ્યારે ચૌદ - પંદર વર્ષના થતાં સાડી પહેરતાં શીખી જદા હતા. અમારી મા કપડાં પહેર્યાં બાદ શરીરનો કોઈ પણ ભાગ ખુલ્લો રહે તો ઠપકો આપતાં હતાં અને કહેતા હતા કે આપણે કપડાં શરીર ઢાંકવા માટે પહેરીએ છીએ તે છતાં ધ્યાન ન રાખીએ તો માર પણ ખાવો પડતો. તે વખતે મા કપડાંના પહેરવેશ પર પૂરતું ધ્યાન રાખતા. જ્યારે આજે છોકરીઓ ગમે તેમ કપડાં પહેરે તો મા-બાપ ઉત્તેજન આપે છે ને કહે છે કે મારી છોકરી આધુનિક ડ્રેસમાં ઘણી સુંદર લાગે છે.

છોકરાઓ બાર-ચૌદ વર્ષના થાય ત્યારે વાડીમાં મુડકો પહેરી જમવા જતા હતા. મુડકો એટલે લાલ કલરની ધોતી કહી શકાય. એ વખતે સારા-નરસાં પ્રસંગે વાડીમાં બાર મહિનામાં ત્રણ-ચાર મહિના જમણવાર થતો હતો. આમ છોકરાઓને ધોતી પહેરતાં આવડી જતી હતી. આજે નવરાત્રિમાં છોકરીઓ ઓઢણી અને છોકરાઓને ધોતી પહેરીને માતાજીના ગરબા રમતાં આપણે જોઈએ છીએ. જો આપણે સંસ્કૃતિ અને વારસો જાળવવો હશે તો ભૂતકાળ પર નજર દોહરાવવી પડશે.

આજના મા-બાપને પોતાના બાળકો ઈંગ્લિશ મિડિયમમાં ભણે અને તે પણ સારી સ્કૂલમાં તેનો આનંદ થાય છે. પણ તેઓ જાણતા નથી કે આમ કરવાથી પોતાના બાળકો માતૃભાષાથી વંચિત રહી જાય છે. આવા બાળકોને આજે ગુજરાતી ભાષા વાંચતાં કે લખતા આવડતું નથી. તેઓ બોલે ત્યારે બોલવામાં પણ વ્યવસ્થિત બોલી શકતા નથી. જો આમ ને આમ ચાલશે તો આજથી પચ્ચીસ વર્ષ બાદ આપણી ભાષા અલિપ્ત થઈ જશે. આગળ વર્ષે કંકોત્રિ ઈંગ્લિશમાં લખાશે. માટે મા-બાપે પોતાના બાળકો માતૃભાષા શીખે તે માટે ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. જીવનમાં મા - માતૃભાષા, માતૃભૂમિ પ્રત્યે દુર્લક્ષ સેવાય નહીં. છોકરાઓ ભણવામાં નબળા ન રહે તે માટે છોકરાઓને કોચિંગ ક્લાસમાં બહુ ખર્ચ કરીને મુકે છે. પણ છોકરાઓને માતૃભાષા માટે ખર્ચ કરવો એમના ધ્યાનમાં આવતું નથી. મા-બાપની સ્થિતિ હોય કે ન હોય પણ બાળકોના અભ્યાસ માટે લખબુટ ખર્ચ કરે છે અને ઘણી વખત દેવું પણ કરવું પડે છે. આજે દિવસ પૂરો થયો એટલે બબલીની ઓળખીતી બહેને કહ્યું હવે રાત પડી છે કાલે આવજે ફરીથી આવી વાતો કરીશું.

# આપ ઘેર બેટી પર ઘેર વહુ...

''દીકરીને ગાય ઘેરે ત્યાં જાય'' આ કથન બહુ જૂનુ લાગે છે. બળદ ગાડા જેવું, અને આજે ઊંચી ઉડાન ભરતી દીકરીઓ, પહેલાંની એક ઓર કહેવત ''દેશ એવો વેશ'' પરંતુ હવે તો દેશ પરદેશના પહેરવેશ પહેરવી દેખાય અને તે પણ ત્રણ ટુકડામાં કોલેજોની ડીગ્રી અને ક્લાસીસ કરે, રસોઈના ક્ષેત્રે મીંઠુ. આ બધુ મોર્ડન જમાનાને અનુરૂપ અને પૈસાની પરવરીશ, બહુ જૂજ મળશે આવી લાડલી દીકરીઓ, બાકી તો સરળ અને સીધી પણ દીકરીઓ હોય, દીકરીઓનું લોકી જ મીઠું, બહુ જ વ્હાલી લાગે મા, બાપ, અને ભાઈને... ધીમે ધીમે દીકરીનો માંડવી તૈયાર થઈ જાય...

મલપતી સાસે આવે આણુ લઈને આવે પરંતુ... સંસ્કારની પોટલી અને શિખામણનો ગાડવો લઈને તો જરુરથી આવે, .....પણ આણુ કબાટમાં ગોઠવે અને આ પોટલી અને ગાડવો મગજની પેટીમાં મુકવાનો કદાચિત રહી જાય. સાસરે આવતી દીકરીઓને પ્રથમ એક જ લેશન આપવાનું હોય પિચેરમાંય મમ્મી અને સાસરે પણ એક મા હોય. મમ્મી અને મા બન્નેનો અર્થ એક જ, પરંતુ દીકરીઓને તો એમ જ લાગે ''પિયેરની પાલખી, અને સાસરાની શુબી'' દીકરીઓને તો પોતાની મમ્મી એજ મમ્મી લાગે બાકી વરની મા ઠીક છે. બોલવા માટે, દીકરીઓને તો સાસુ જ લાગે, માની તુલનામાં નઆવે. રસોઈ કરવી કામ કરવું બહુ ગમે નહી, આવડતમાં પણ કદાચિત અધૂરી, પરંતુ એમ નથી સમજતી દીકરીઓ કે પોતાના વરજી માટે સારું સારું બનાવું ખાવાનું, ઘરને સજાવું, પરંતુ... થોડી ઘણી હેલ્પ કરે અને થાકી જાય, કામનું ટેન્શન લાગે, ફૂલફટાક થઈને ફરવું, ફોન પર બીઝી, મેગેઝીનો વાંચવા ટી.વી. જોવો, કદાચિત બપોરના આરામ ફરમાવે... જેકે આતો નવી વહુની વાત પણ જેમ જૂની થાય તો પણ ઘણીવાર જવાબદારી લે નહી. જીવ તો પિચેરમાં જ રમતો હોય વળી થોડી ઘણી ઘણી એમની મમ્મીઓની ઈંટરફીયરન્સ એટલે સાસરુ શુબી જ લાગવાનું આમ ઘણી વખત વાત ડીવોર્સ પર આવી જાય છે. ઘણી છોકરીઓ ઘરને ત્યજીને ચાલી જાય છે, આતો જૂજ જ બનતું હોય, બધે આવું નથી બનતુ, ગણ્યા ગાંઠયા કિસ્સા પરંતુ ઘણી દીકરીઓને વરો ડ્રીંક લેતા હોય, સીગારના દમ ભરતા હોય એ ગમતું નથી હોતુ, આ થઈ સરળ અને સીધી દીકરીઓની વાત પણ અમુક મોર્ડનતાને દાવે ચડતી દીકરીઓ પબમાં જાય. ડ્રીંક્સ લે, ડાન્સ પાર્ટી એંજોય કરે, નવરાત્રીના નવે દિવસ વીસથી પચ્ચીસ હજાર સુધીના ડ્રેસિસ પહેરી આખી રાત મહાલે, આ દીકરીઓને સાસરું એ કદાચિત પીંજરુ લાગે, વર જોઈએ પણ ઘર અને ઘરના નહી. આતો આજનું મોર્ડન કલચર છે, અને આતો ''ઘર ઘરકી કહાની'' જુદી જુદી રીતે ચીતરાતી હોય છે. અને આ ચિત્રાણને ભુંસવાનું છે...

આ વાત વિચારણા માંગી લે છે કે ''મમ્મી'' ''સાસુમાં'' બેની વચ્ચેનો તફાવત ભૂંસાવો જ જોઈએ. વડીલોને માન આપવાની વૃત્તિ કેળવવાની છે. સેવા ભાવ રાખો તો જ મેવા મળે. સંસ્કારનો પટારો જો ખોલે અને પહેલું તો રસોડું સંભાવી લે. કામ કાજ, લાવવું, મૂકવુ, બધા જ ક્ષેત્રે સ્વયં સિધ્ધા બને તો ''સાસુમાંને '' વ્હાલી લાગે, અને માં-સાસુએ પણ પેટની દીકરી માં અને વહુમાં જરા જેટલો ફરક ન કરવો જોઈએ, અન્યોન્ય છે. ''કુવામાં હોય તો હવાડામાં આવે'', એટલે કે માં-સાસુએ તો મમતાને છૂટા હાથે પસારવી જ જોઈએ. અને ''માં'' મટી મમ્મી બની જાય તો ?, પણ વહુએ  એટલે સાસરે આવેલી દીકરીઓએ ''મીઠા ઝાંડના મૂળ ન ખવાય'' એકદેવતને ધ્યાનમાં લઈને સરળ શાંત, ઘરરખ્ખુ બનીને રહેવું જોઈએ. બન્નેએ સાસુમાં અને વહુ દીકરીએ આ વાત ખાસ ખ્યાલમાં લેવી જોઈએ. ''સાસુમાં'' શબ્દમાંથી સાસુ શબ્દ નીકળી જ જવો જોઈએ, અને વહુ દીકરીમાંથી વહુ શબ્દને તિલાંજલી અપાવી જોઈએ. અને આ કામ સાસુ''માં'' નું છે. તે ઘરના

વડીલ, મોભી, મહારથી મહોદયા કહેવાય. અને ''કોઈ વેંત નમે તો કોઈ હાથ નમે'' આ કથનને જીવનમાં ઉતારવું જ રહ્યું. ''એક હાથ દો ને બીજે હાથ લો'' ''આખીર મેં સબ લેણદેણ કી તો બાત હૈ'' વડીલો એટલે કે સાસુ''માં'' પાસેથી આશીર્વાદ અને સંસ્કારની, મોટપની આશા રાખવી પડે છે. આજ રીતે જીવન રથના સુકાની બનો, એક હાથ સાસુ-''માં'' નો અને બીજો હાથ વહુ-''દીકરીનો'' બેઉ હાથ ભેગા કરી તાળી પાડો અને સુસંગત રહો. એકથી બીજી, ત્રીજી, વહુ હોય રીતી તો આજ રાખવી જોઈએ. બીજી આવે ત્યાં સુધીમાં પહેલી વહુ દીકરીને મઠારી, પ્રેમથી જીતી લેવી જોઈએ. વહુ તો ઘરની લક્ષ્મી છે. આપણા ઘરની દીવડી છે, વહુ થકી જ ઘર ઉજળે, અને વહુ થકી વારસદાર મળે, આ કથનને જીવનમાં વણી લે એજ સાંચી દીકરાની ''માં'' કહેવાય. ''આપ ઘેર બેટી પર ઘેર વહુ'' આ સુત્રને વીસારી દેવાનું જીવનમાંથી સ્ત્રી સુલભ ''સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બને'' એવું કદાચિત ધ્યાનમાં લેવું. સાસુ-''માં'' અનુભવી હોય વડીલ હોય, મોભી મહારથી, મહોદયા હોય એટલે ઘર ખેતીનું સીંચન પણ તેને સંભાળવું રહ્યું, અને એકલાં સાસુમાં એ જ નહી, વહુ દીકરીઓ જે સાસરે સમાય એને પણ સ્વયંસિધ્ધા બની બેઉ ઘરની દીવડી જ બનવું જોઈએ. માતા પિતાનું નામ રોશન કરો, વીજબીની સ્વીચ માતાપિતાના આદર્શની અને અંજવાળુ સાસરે થાય. અત્યારે કદાચિત આ વાત નહી સમજાય પણ જીવનમાં મધ્યાન આવે ત્યારે... ''સાસભી કભી બહુ થી'' કથનને ખાસ જીવનમાં વણી લેવાનું છે. છોકરમત છોડી સાસરામાં આવો ત્યારથી ઘર, વર, ઘરની દિવાલો, આસપાસના પડોશીએ બધાંની સાથે તમારું જીવન જોડી દો. વર એકલો જ નહી, ઘરનાં વડીલો મોટા નાનાં સર્વેને તમારા જીવનનો આદર્શ બનાવો, પિયેરની રિમઝિમતા છોડી શાંત વહેલી નદી જેવ સ્થિર થઈને રહો. આ દીકરીઓએ સમજવાનું છે. મનમાં પિયેરીયું રમે અને વર જોઈએ હરવા ફરવા પરંતુ બાકીના બાજી બધાં... ? એવું વાતાવરણ ન રાખસો. ઘણી મોટી બેનો દલીલ કરે છે. બીચારી નાની છે, આપણને પણ આપણુ પિયેર જ ગમે ? આ કથન બોલનારી વ્યક્તિ પોતે સાસરે સમય નહીને, ઓત પ્રોત થાય નહી કે આ ઘર મારું છે. અને ''ડાહી સાસરે જાય નહીને ગાંડીને શિખામણ આપે'' એવો ઘાટ હોય છે. સાસુ''માં'' માંથી સાસુ શબ્દને ભૂંસી નાંખશો તો ફક્ત ''માં'' જ રહેશે. અને વહુ દીકરીમાંથી વહુ શબ્દ ભૂંસી નાંખો એટલે દીકરી જ રહેશે, હવેકયો રસ્તો લેવો એ તમારા જ હાથમાં છે. પિયેરને પ્યારું ગણો તેમ સાસરું મારું ઘર તમારે વ્હાલું કરવું રહ્યું. દૂધમાં સાકર ભવે તેમ ભળી જયાનું છે અને માતાપિતાની એક જ શીખ હોય અને તે દીકરી બેઉ ઘરની દીવડી બનજે અને તારું, તારા ઘરનાનું અને અમારું નામ રોશન કરજે.

